દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
બુધવાર ૨૭ મે, ૨૦૨૬

# ભારતમાં ગરમીના મોજાઓનો લંબાતો સમયગાળો સ્થિતિને વધુ ગંભીર બનાવી રહ્યો છે

આમ તો દુનિયાભરમાં તાપમાન વધી રહ્યું હોવાની કાગારોળ છેલ્લા કેટલાક વર્ષોથી ચાલી રહી છે અને હાલ ઉત્તર ગોળાર્ધના ઉનાળામાં વિશ્વના અનેક દેશોમાં સખત તાપમાન પ્રવર્તી રહ્યું છે. પરંતુ ભારતમાં તો આ ઉનાળો ખૂબ જ આકરો પુરવાર થયો છે. ભારતમાં આ વર્ષની સખત ગરમી પાછળ કુદરતી પરિબળો વધુ જવાબદાર છે એમ નિષ્ણાતો કહે છે. ઉત્તર-પશ્ચિમ ભારત, મધ્ય ભારત અને પાકિસ્તાનના કેટલાક ભાગોમાં હાલમાં જોવા મળી રહેલી ગરમીની પેટર્ન આંશિક રીતે એક સામાન્ય મોસમી પ્રક્રિયા છે અને આંશિક રીતે તીવ્ર બનેલી ગરમીના મોજાઓની સ્થિતિ છે. એપ્રિલ અને મે મહિના દરમિયાન, આ પ્રદેશોમાં ઊંચા સૂર્ય વિકિરણ (સોલાર રેડિયેશન), સૂકા ખંડીય પવનો, જમીનમાં ભેજનું ઓછું પ્રમાણ અને રાજસ્થાન તથા તેની સરહદે આવેલા પાકિસ્તાન પર મોસમી ઓછા દબાણવાળા હીટ ઝોનની રચનાને કારણે કુદરતી રીતે જ અતિશય ગરમીનો અનુભવ થાય છે.

જો કે, આ વર્ષે જે બાબત ચિંતાજનક છે તે ગરમીની તીવ્રતા, તેનો લાંબો સમયગાળો અને તેનો વિશાળ ભૌગોલિક વિસ્તાર છે. રાત્રિના સમયે પણ તાપમાનમાં પૂરતો ઘટાડો થયા વિના લાંબા સમય સુધી તાપમાન અસાધારણ રીતે ઊંચું રહ્યું છે, જે ગંભીર હીટ વેવની સ્થિતિ દર્શાવે છે. ચોમાસા પૂર્વેના વરસાદમાં ઘટાડો, સતત સૂકી હવાની અવરજવર, જમીનની સપાટીનું વ્યાપક પ્રમાણમાં ગરમ થવું અને અર્બન હીટ આઇલેન્ડ ઇફેક્ટ (જે આયોજન વગરના શહેરીકરણ અને બાંધકામનું પરિણામ છે) આ પરિસ્થિતિને વધુ વણસાવી રહ્યા છે. આબોહવા પરિવર્તન (ક્લાયમેટ ચેન્જ) પણ પૃષ્ઠભૂમિમાં એક એવા પરિબળ તરીકે કામ કરી રહ્યું છે જે આ તણાવને અનેકગણો વધારી દે છે. જો કે ભારતમાં હીટ વેવ કોઈ નવી બાબત નથી, પરંતુ સતત વધી રહેલું બેઝલાઇન તાપમાન આ ગરમીના મોજાઓનું આવર્તન અને ગાળો સ્થિતિની ગંભીરતામાં વધારો કરી રહ્યું છે, જેના કારણે આખા પ્રદેશમાં ઉનાળાની આવી આકરી પરિસ્થિતિઓ હવે વધુ સામાન્ય બની રહી છે. જોઇ શકાય છે કે આ વખતે સખત ઉનાળો ભલે પ્રકૃતિના ચક્રને કારણે હોય, પરંતુ આયોજન વગરનું શહેરીકરણ જેવા માનવ સર્જિત પરિબળો તેને વધુ વણસાવી રહ્યા છે અને આબોહવા પરિવર્તન તેને વધુ તીવ્ર બનાવવામાં ફાળો આપી રહ્યું છે.



વૈશ્વિક સ્તરે, બે પરિબળો મુખ્ય છે. પ્રથમ, વિષુવવૃત્તીય પ્રશાંત મહાસાગરમાં અલ નીનો (El Nio)ની સ્થિતિ આકાર લઈ રહી છે, જે મે અને જુલાઈ વચ્ચે શરૂ થવાની ધારણા છે. આ એક એવી આબોહવાકીય ઘટના છે જે પૂર્વીય પ્રશાંત મહાસાગરમાં સમુદ્રના તાપમાનમાં ફેરફાર અને તેની ઉપરના વાતાવરણમાં થતી વધ-ઘટ દ્વારા ઓળખાય છે. આ શરૂઆતના તબક્કામાં પણ, ઉપખંડ પર ભેજનું પ્રમાણ ઘટવાના અને ચોમાસા પહેલાં ગરમીનો પ્રકોપ તીવ્ર બનવાના સંકેતો દેખાઈ રહ્યા છે. ભારતીય હવામાન વિભાગે અગાઉથી જ ૨૦૨૬ ના દક્ષિણ-પશ્ચિમ ચોમાસાને લાંબા ગાળાની સરેરાશના ૯૨% (સામાન્ય કરતાં ઓછું) રહેવાનું અનુમાન લગાવ્યું છે, જેમાં અલ નીનો એક મુખ્ય જવાબદાર પરિબળ છે.

બીજું, માનવસર્જિત ગ્લોબલ વોર્મિંગ લાંબા ગાળે પાયાના તાપમાનમાં સતત વધારો કરી રહ્યું છે. ભારતમાં ગરમીના મોજાઓનું આવર્તન ૧૯૬૧ થી સતત વધી રહ્યું છે, અને જો ગરમી વધવાનો આ જ સિલસિલો ચાલુ રહેશે તો હીટ વેવના દિવસોમાં વધુ ૧૨ થી ૧૮ દિવસનો વધારો થવાના સંકેતો છે. સ્થાનિક પરિબળો નક્કી કરે છે કે આ ગરમી કેવી રીતે અનુભવાય છે. નબળા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, લાંબા સમય સુધી ખેંચાતો સૂકો સમયગાળો અને વાદળોની ઓછી હાજરી પરિસ્થિતિને નોંધપાત્ર રીતે વધુ ગંભીર બનાવે છે. શહેરી વિસ્તારોમાં, ગીચ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વાહનો, એર-કંડિશનિંગ અને ઉદ્યોગોને કારણે સર્જાતી 'અર્બન હીટ આઈલેન્ડ'ની અસર શહેરોને પ્રમાણમાં વધુ ગરમ બનાવે છે. જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં જંગલોની આગ, બાયોમાસનું સળગવું અને ખુલ્લી વેરાન જમીન સપાટીની ગરમી તાપમાનમાં વધારો કરે છે. આપણે જે ગરમીનો અનુભવ કરીએ છીએ તે ક્યારેય કોઈ એક પરિબળને કારણે હોતી નથી, અને સ્થાનિક હીટ સ્ટ્રેસને માપવા માટે હંમેશા જમીન પર આધારિત અવલોકનો જ સૌથી વધુ વિશ્વસનીય સ્ત્રોત રહે છે. તાપમાનના પ્રત્યક્ષ આંકડાઓથી ઘણો આગળ વધીને, ગરમી મનુષ્યો, પ્રાણીઓ અને જીવસૃષ્ટિ પર સીધી અસર કરે છે, જો કે મનુષ્યો પર થતી અસરો અવારનવાર સૌથી વધુ દેખાઈ આવે છે. સૌથી તાત્કાલિક અસર બહાર કામ કરતા મજૂરોની ઉત્પાદકતામાં ઘટાડા તરીકે જોવા મળે છે. દૈનિક વેતન મેળવતા મજૂરો, બાંધકામ ક્ષેત્રના શ્રમિકો, શેરી ફેરિયાઓ અને ગીગ વર્કર્સ ગરમીના સંપર્કમાં આવવાથી બચી શકતા નથી કારણ કે તેમની આજીવિકા સતત શારીરિક હાજરી પર નિર્ભર છે. આર્થિક મજબૂરીઓ સાવચેતીની સલાહ કરતાં વધુ હાવી થઈ જાય છે, જે આ બાબતને આબોહવાકીય નબળાઈની સાથે સાથે એક સામાજિક નબળાઈ પણ બનાવે છે. સખત ગરમી અને તેની માનવ જીવન તથા અન્ય જીવસૃષ્ટિ પરની અસરોને રાજકીય અને પ્રજાકીય ઇચ્છા શક્તિ સાથે યોગ્ય રીતે હાથ ધરવામાં આવે તે જરૂરી છે.

# ક્યારે ખતમ થશે યુએસ-ઈરાન યુદ્ધ અને ભારત પર તેની શું અસર પડશે?

ફિંગર પ્રિન્ટ

શેખર ઐયર

## યુએસ-ઈરાન શાંતિ કરારમાં અવરોધ: યુદ્ધના અંત અને વૈશ્વિક તેલ સંકટ પર અનિશ્ચિતતા

ભારત એ બાબત માટે ખૂબ જ આતુર છે કે અમેરિકા અને ઈરાન તેમનું યુદ્ધ સમાપ્ત કરે જેથી તેલનો પુરવઠો અને કિંમત સ્થિર થઈ શકે અને ઊર્જા-સંકટનો અંત આવે.

અઠવાડિયાના રાજદ્વારી પ્રયાસો અને સફળતાના દાવાઓ પછી પણ યુએસ-ઈરાન શાંતિકરાર હજી પણ મડાગાંઠમાં ફસાયેલો છે.અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું કહેવું છે કે એક માળખું 'મોટા ભાગે વાટાઘાટો દ્વારા નક્કી'થઈ ગયું છે અને સાઉદી અરેબિયા, કતાર, સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) અને પાકિસ્તાન સહિતના દેશો સાથે ચર્ચાઓ ચાલી રહી છે.

ઈરાનનું કહેવું છે કે, કેટલાક મોટા વિવાદો હજી ઉકેલાયા નથી. ઈરાન ભારપૂર્વક કહે છે કે, તે હોર્મુઝ પરથી પોતાનું નિયંત્રણ છોડશે નહીં અને યુરેનિયમ સંવર્ધન અંગેની યુએસની માગણીઓ સ્વીકારી નથી. ઈરાન કોઈ પણ મોટા પ્રમાણમાં બાંધછોડ કરતાં પહેલાં પ્રતિબંધોમાંથી રાહત અને તેની જપ્ત થયેલી સંપત્તિઓ સુધી પહોંચ પણ ઈચ્છે છે.

આ કરાર ઈઝરાયેલના પીએમ બેન્જામિન નેતન્યાહૂની દખલગીરી, લેબનોનને લઈને મતભેદો અને જમીની સ્તરે કોઈ પણ યુદ્ધવિરામ વાસ્તવમાં કેવી રીતે કામ કરશે તે અંગેની અનિશ્ચિતતાને કારણે પણ જટિલ બન્યો છે. જો કે, બંને પક્ષો કહે છે કે, પ્રગતિ થઈ છે, પરંતુ અધિકારીઓ એ પણ સ્વીકારે છે કે તેઓ કરારથી 'ખૂબ નજીક અને ખૂબ દૂર'બન્ને સ્થિતિમાં છે.

ટૂંકમાં, યુએસ-ઈરાન શાંતિકરાર નીચેના કારણોસર અટકેલો છે:

1. હોર્મુઝની સામુદ્રધુની અંગે હજી પણ અસંમતિ છે - યુએસ કોઈ પણ પ્રતિબંધ વિના જહાજોની મુક્ત અવરજવર ઈચ્છે છે, જ્યારે ઈરાન આ જળમાર્ગ પર પોતાનું નિયંત્રણ અને દેખરેખ રાખવા ઈચ્છે છે. જો કે, ઈરાન ઈચ્છે છે કે નૌકાદળની નાકાબંધી હટાવી લેવામાં આવે.

2. ઈરાનના પરમાણુ કાર્યક્રમ અંગે સંઘર્ષ છે - યુએસ અને ઈઝરાયેલ ઈચ્છે છે કે, ઈરાન યુરેનિયમ સંવર્ધન બંધ કરે અને ઉચ્ચ સ્તરે સંવર્ધિત યુરેનિયમ છોડી દે, પરંતુ ઈરાન અત્યારે આ પ્રકારની પ્રતિબદ્ધતાઓ જાહેર કરવાનો ઈનકાર કરી રહ્યું છે.

3. પ્રતિબંધોમાંથી રાહતનો વિવાદ પણ છે - ઈરાન ઈચ્છે છે કે, યુએસના પ્રતિબંધો હળવા કરવામાં આવે અને ઈરાનનું જપ્ત કરવામાં આવેલું ફંડ તાત્કાલિક મુક્ત કરવામાં આવે, જ્યારે યુએસનું કહેવું છે કે ઈરાન શરતો પૂરી કરશે ત્યાર પછી જ રાહત આપવામાં આવશે.

4. હજી સુધી કોઈ અંતિમ કરાર થયો નથી. કારણ કે, યુદ્ધ સમાપ્ત કરવાનો વર્તમાન પ્રસ્તાવ માત્ર એક માળખું અથવા મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડિંગ (એમઓયુ) છે. સૌથી મુશ્કેલ મુદ્દાઓને ભવિષ્યની વાટાઘાટો માટે મુલતવી રાખવામાં આવ્યા છે.

5. ઈઝરાયેલનો વિરોધ અને સુરક્ષાની ચિંતાઓ છે - ઈઝરાયેલના પીએમ બેન્જામિન નેતન્યાહૂ ઈચ્છે છે કે ઈરાનની પરમાણુ ક્ષમતાઓ સંપૂર્ણપણે નષ્ટ કરવામાં આવે, જેને ઈરાન નકારી કાઢે છે.

6. લેબનોન અને પ્રાદેશિક સંઘર્ષો સાથે જોડાયેલા મુદ્દાઓ વણઉકેલાયેલા છે - ઈરાન ઈચ્છે છે કે આ ડીલમાં લેબનોન સહિત સમગ્ર ક્ષેત્રમાં ચાલી રહેલી લડાઈનો અંત લાવવાનો સમાવેશ થાય; પરંતુ ઈઝરાયેલ હજી પણ હિઝબુલ્લાહનાં લક્ષ્યો પર હુમલો કરવાની સ્વતંત્રતા ઈચ્છે છે.

7. બંને પક્ષો વચ્ચે પરસ્પર વિશ્વાસનો અભાવ છે - ઈરાને જણાવ્યું હતું કે, ડોનાલ્ડ ટ્રમ્પે તેમના પ્રથમ કાર્યકાળ દરમિયાન ૨૦૧૫ના પરમાણુ કરારમાંથી પીછેહઠ કરી તે પછી તેઓ યુએસ પર વિશ્વાસ કરતા નથી.

8. પહેલાં કોણ નમતું જોખશે તે અંગે પણ મતભેદો છે - ઈરાન ઈચ્છે છે કે પ્રતિબંધો પહેલાં હટાવવામાં આવે, જ્યારે યુએસ કહે છે કે ઈરાને પહેલાં હોર્મુઝની સામુદ્રધુની ખોલવી પડશે અને પરમાણુ શરતો પૂરી કરવી પડશે.

ટ્રમ્પે પુનરોચ્ચાર કર્યો છે કે, ઈરાને 'સમજવું જ પડશે'કે તે પરમાણુ હથિયાર વિકસાવી શકે નહીં ત્યારે ઈરાને પણ વારંવાર કહ્યું છે કે, તેનો પરમાણુ કાર્યક્રમ માત્ર શાંતિપૂર્ણ હેતુઓ માટે છે.

આખરે આ યુદ્ધ કેવી રીતે શરૂ થયું? ૨૮ ફેબ્રુઆરીના રોજ યુએસ અને ઈઝરાયેલે ઈરાન પર વ્યાપક હુમલાઓ શરૂ કર્યા, જેનાથી સમગ્ર મધ્ય પૂર્વમાં યુદ્ધ ફાટી નીકળ્યું.

ઈરાને ઈઝરાયેલ અને ગલ્ફમાં યુએસના સાથી દેશો પર વળતો હુમલો કરીને અને હોર્મુઝની સામુદ્રધુનીને અસરકારક રીતે બંધ કરીને જવાબ આપ્યો, જ્યાંથી વિશ્વના લગભગ ૨૦% તેલ અને લિક્વિફાઈડ નેચરલ ગેસ (એલએનજી)નું પરિવહન થાય છે. આ પગલાંથી વૈશ્વિક સ્તરે તેલના ભાવ આસમાને પહોંચી ગયા.

એપ્રિલની શરૂઆતમાં યુદ્ધવિરામની સંમતિ સધાયાના ટૂંક સમય બાદ યુએસએ ઈરાનનાં બંદરોની નાકાબંધી કરી દીધી, જેના વિશે ટ્રમ્પ કહે છે કે, ''તે જ્યાં સુધી કરાર ન થાય, પ્રમાણિત ન થાય અને તેના પર હસ્તાક્ષર ન થાય ત્યાં સુધી સંપૂર્ણ રીતે લાગુ રહેશે.''

સત્ય એ છે કે, હોર્મુઝની સામુદ્રધુની એ સૌથી મોટો વિવાદ છે. યુએસ-ઈરાન શાંતિ વાટાઘાટોમાં તે સૌથી મોટો અવરોધક મુદ્દો છે. તે એક મુખ્ય વૈશ્વિક તેલ માર્ગ છે જે વિશ્વના લગભગ પાંચમા ભાગના તેલ અને એલએનજી વહન કરે છે.

ટ્રમ્પ કહે છે કે, આ કરાર હેઠળ હોર્મુઝની સામુદ્રધુની ખોલવામાં આવશે, પરંતુ ઈરાન આ વાતને નકારી કાઢે છે અને કહે છે કે તે ઈરાનની દેખરેખ હેઠળ રહેશે અને યુએસના દાવાઓ 'વાસ્તવિકતાથી અસંગત'છે. યુએસ કોઈ પણ ટોલ (ટેક્સ) વિના મુક્ત અવરજવર ઈચ્છે છે, જ્યારે ઈરાન નિયંત્રણ અને ટ્રાન્ઝિટ ફી વસૂલવાની શક્યતા ઈચ્છે છે. યુદ્ધ દરમિયાન પેદા થયેલો તણાવ, જેમાં જહાજો પરના પ્રતિબંધો અને સમુદ્રમાં બિછાવવામાં આવેલી બારુદી સુરંગોના અહેવાલોનો સમાવેશ થાય છે- તેનો અર્થ એ છે કે કોઈ પણ કરાર પછી પણ શિપિંગ ઝડપથી સામાન્ય થઈ શકશે નહીં. ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીનું કહેવું છે કે, તેને સાફ કરવામાં અઠવાડિયા અને કામગીરી પૂર્વવત્ કરવામાં મહિનાઓ લાગી શકે છે.

ઈરાન એવું પણ ઈચ્છે છે કે, યુએસ નેવલ નાકાબંધી ઝડપથી હટાવી લેવામાં આવે, પરંતુ ટ્રમ્પ કહે છે કે, ''તે જ્યાં સુધી કોઈ કરાર પર પહોંચવામાં ન આવે, પ્રમાણિત ન થાય અને હસ્તાક્ષર ન થાય ત્યાં સુધી સંપૂર્ણ રીતે અમલમાં રહેશે.''

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## પર્ફેક્શન નહિ કામ જરૂરી

એક દિવસ ટીચર વર્ગમાં આવ્યા અને વર્ગનાં ૫૦ બાળકોને ૨૫ ૨૫ ના બે ગ્રુપમાં વહેંચી દીધાં અને સૌથી પહેલાં તેઓ એક ગ્રુપને લઈને એક રૂમમાં ગયા અને કહ્યું, ''આજે એક કૈંક નવું શીખવાની કોમ્પીટીશન છે. અહીં 'પોટરી' એટલે કે કુંભાર કામનાં બધાં સાધનો છે. માટી ,ચાકડો, પાણી વગેરે. તમારે જાતે એક સરસ મજાનો ઘડો બનાવવાનો છે, જે એકદમ પર્ફેક્ટ હોવો જોઈએ અને તમારી પાસે પાંચ કલાકનો સમય છે.



પછી ટીચર બીજાં ૨૫ બાળકોના ગ્રુપને લઈને બીજા રૂમમાં ગયા અને કહ્યું,''આજે એક કૈંક નવું શીખવાની કોમ્પીટીશન છે. અહીં 'પોટરી' એટલે કે કુંભાર કામનાં બધાં સાધનો છે. માટી ,ચાકડો, પાણી વગેરે. તમારે જેટલા બને એટલા ઘડા બનાવવાના છે ભલે તે ઘડા જેવા બને તેવા, ભલે પર્ફેક્ટ ન હોય, ચાલો શરૂ થઈ જાવ. તમારી પાસે પાંચ કલાકનો સમય છે.''

બંને ગ્રુપને જુદા જુદા રૂમમાં એકસરખાં સાધનો, એક સરખો સમય પણ અલગ અલગ સૂચનાઓ આપી શિક્ષક પોતાના કામે લાગી ગયા.પાંચ કલાક પછી શિક્ષક પહેલા રૂમમાં ગયા અને જોયું તો એક પણ ઘડો બન્યો ન હતો, ચારે બાજુ સમાન હતો. ઘણા અધૂરા ઘડા હતા પણ પર્ફેક્ટ તો છોડો એક પણ ઘડો બનીને તૈયાર ન હતો.શિક્ષકે કહ્યું, ''આ શું પાંચ કલાકમાં તમે ૨૫ જણ મળીને એક પર્ફેક્ટ ઘડો ન બનાવી શક્યા? આમ કેમ? શું કર્યું પાંચ કલાક?''

એક છોકરાએ માથું નીચું રાખી કહ્યું, ''સર, અમને માફ કરો. તમે કહ્યું હતું કે એકદમ પર્ફેક્ટ ઘડો બનવો જોઈએ એટલે અમે પર્ફેક્ટ માટી તૈયાર કરવામાં ઘણો સમય વેડફ્યો, પછી ઘડો બનાવવાની શરૂઆત કરી પણ ક્યારેક તડ પડી જાય, ક્યારેક ઘડાનો આકાર બરાબર ન આવે, ક્યારેક કોતરણી અને ડીઝાઇનમાં ભૂલ થાય. આમ અમે મહેનત કરી પણ એક પણ ઘડો પર્ફેક્ટ બનાવી ન શક્યા.''

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

શિક્ષક બીજા રૂમમાં ગયા, જોયું તો ૨૫ બાળકોએ ૫ કલાકમાં નાના મોટા જુદા જુદા આકારના લગભગ ૧૫૦ ઘડા તૈયાર કરી નાખ્યા હતા તેમાંથી બધા ભલે પર્ફેક્ટ ન હતા પણ ૨૫ થી ૩૦ ઘડાના આકાર કે ડીઝાઇન બરાબર ન હતી પણ છતાં તે સરસ લાગી રહ્યા હતા અને બાકીના બધા ઘડા એકદમ સરસ અને સુંદર લગભગ પર્ફેક્ટ હતા.દરેક બાળક પોતે કયો ઘડો બનાવ્યો છે અને પહેલાં કયો બન્યો પછી બીજો ,ત્રીજો બરાબર બન્યો ની વાતો પોતે બનાવેલા ઘડા બતાવી ઉત્સાહથી કહી રહ્યો હતો. શિક્ષક પણ ખુશ થઈ ગયા.

શિક્ષકે કહ્યું, ''આ મજા આવે તેવી કોમ્પીટીશનમાં એક વાત શીખવાની છે કે જીવનમાં પર્ફેક્શન જરૂરી છે પણ એટલું જરૂરી નથી કે પર્ફેક્શન મેળવવામાં કોઈ કામ જ ન થાય, બધું પર્ફેક્ટ તૈયાર થાય પછી કામ કરીશું તેમ નહિ પણ તરત જ કામ કરવાની શરૂઆત કરો, ધીમે ધીમે કામ કરતાં કરતાં પર્ફેક્શન પણ મેળવી શકાશે.'' શિક્ષકે સાચી સમજ આપી.

# વક્તાઅનેલેખકોનીએકાત્મઅભિવ્યક્તિમાં ક્યારેક ભવિષ્યવાણી સરી પડે છે

અવારનવાર

ડો.નાનક ભટ્ટ

## આજથી 132 વર્ષ પહેલાં ગાયું છે કે પરિવારમાંથી ધર્મ અને ભક્તિનાં સાચાં મૂલ્યો ઓગળી જશે. લોકો ખરાની સમજ કે આત્મ (ઊર્જા) તેજની ઓળખ વિના માત્ર બાહ્ય દેખાવ અને પ્રપંચમાં ફસાશે

દેશના પ્રથમ પંક્તિના ફોટો જર્નાલિસ્ટ રઘુરાય 83 વર્ષે કેમેરાના લેન્સથી આઉટ ઓફ ફોકસ બની ગયા. બાંગ્લાદેશ સેપરેશન, સુવર્ણ મંદિર બ્લુ સ્ટાર ઓપરેશન, મહાકુંભ, મધર ટેરેસા અને ઈન્દિરા ગાંધી પોર્ટ્રેટ, ભોપાલ ગેસ કાંડ પ્રકારે 50થી વધુ હિમાલયન ડોક્યુમેન્ટેશન આપનાર પદ્મશ્રી રઘુરાય કહેતા "કેમેરાના લેન્સમાંથી તથ્ય (સત્ય) નું વર્તમાન દર્શન માનવ-મસ્તિષ્કને ઘટનાઓના ભૂતકાળ - ભવિષ્યકાળ સાથે તાદાત્મ્યથી જોડે છે ત્યારે તસવીર કશુંક અદૃશ્ય પણ કચકડે કંડારતી જોવા મળે છે."અનુભવ પણ એવો જ છે કે ઘટનાઓ અને વિચારોને વ્યક્ત કરતાં રહેતાં લેખકો, વક્તાઓ અને કલાકારોની અભિવ્યક્તિમાં ક્યારેક કશું અગમ પ્રદર્શિત થતું જોવા મળે છે.

ભગવાન બુદ્ધ કહે છે, "યં ભવિતું હોતી, તં અકેને તથ્યે સંભવિત" અર્થાત્ જે બનવાનું હોય છે તે એક અર્થમાં બની જ ગયું હોય છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા (7.26) માં ભગવાન કૃષ્ણ કહે છે "હું ભૂતકાળમાં થઈ ગયેલા,વર્તમાનમાં રહેલા અને ભવિષ્યમાં આવનારા તમામ જીવો (ઘટના)ને જાણું છું. સામાન્ય (સંસારી) જીવો તેને પામી શકતા નથી. ભારતીય દર્શનમાં જ્યોતિષવિચારની પ્રાથમિકતા જ ભવિષ્ય છે. વ્યક્તિ કે ઘટનાઓના જન્મસ્થળ સમયે ગ્રહો અને નક્ષત્રોનાં સ્થાન અને પારસ્પરિક ચુંબકીય પ્રભાવમાંથી વિકસતી સંભાવનાઓના ગણિતને સમાજ ભવિષ્ય તરીકે માને છે. પરંતુ આવી આગાહી તર્ક કે સાર્વત્રિક રીતે સ્વીકાર્ય વિજ્ઞાન નથી જણાતું. આમ છતાં કર્મનો સિદ્ધાંત આજે પણ માનસિક સમાધાન પ્રેરનાર રહ્યો છે જે જમીનની હકીકત છે.

ભવિષ્યને વર્તમાનમાં જોનાર પ્રજ્ઞાચક્ષુ નોસ્ત્રાદેમસએ 16 મી સદીમાં દુનિયા વિશ્વયુદ્ધોમાં ખુવાર થશે તેવી આગાહી કરેલી. વર્ષ 1911 માં જન્મેલા બાબા વેન્ગાએ પૃથ્વી ઉપર આબોહવા પરિવર્તન (ગ્લોબલ વોર્મિંગ) અને જીઓ પોલિટિક્સથી દુનિયા પ્રભાવિત થશે તેવું આજથી ૮૫ વર્ષ પહેલાં ભવિષ્ય ભાખેલું. આઈઝેક ન્યૂટને ધર્મગ્રંથોના આધારે વર્ષ 2060 માં પૃથ્વીના અંતની આગાહી કરી છે. તો રે- રુઝવેલ્ટ વર્ષ 2045 સુધીમાં મશીન ઈન્ટેલિજન્સ ( એ.આઈ) માનવીય વિચારને મહાત કરશે એવી ઋષિવાણીથી જગતને ચેતવ્યું છે. આપણી ભાષાના મધ્યકાલીન ભજનિક ગંગાસતીના ભજન 'કળિયુગ પોગ્યો કારમો' પદમાં ગંગાસતીએ આજથી 132 વર્ષ પહેલાં ગાયું છે કે પરિવારમાંથી ધર્મ અને ભક્તિનાં સાચાં મૂલ્યો ઓગળી જશે. લોકો ખરાની સમજ કે આત્મ (ઊર્જા) તેજની ઓળખ વિના માત્ર બાહ્ય દેખાવ અને પ્રપંચમાં ફસાશે. શિષ્ય ગુરુના વચનનું પાલન ન કરતાં દંભ ખાતર જ્યોત પ્રજવલિત રાખશે. સમાજમાં વ્યક્તિ દોષ અને વાદવિવાદનો કલેશ વધશે. પોતાની વૈયક્તિક અનુભૂતિને કોઈ અનુસંધાન વિના જ કવિતા સ્વરૂપે મૂકનાર ગંગાસતીના ભજનમાં 21મી સદીના સામાજિક અને માનવીય સંબંધોની આગાહી આજે હકીકત બની છે. ભયના ઓથારે ધર્મ વેચતા ભગવાં અને શ્વેત વસ્ત્રધારીઓ હોમ- હવન કે નમાઝી કર્મકાંડને શાસ્ત્રોકત સાધન તરીકે ધારણ કરે છે પરંતુ આ તકનીક બીરબલની ખીચડીથી વધુ કંઈ જ પ્રતિપાદિત કરી શકતું નથી. તેવી જ સ્થિતિ ચૂંટણી પરિણામોની આગાહી કરતા રાજકીય પંડિતોની જોવા મળી છે. દેશના જાણીતા કટારલેખક ખુશવંતસિંઘ જેમનો લોકરંજક લેખક- વક્તા તરીકે પરિચય આપતા તેવા વિષય સાથે એકાત્મ વિના જ વ્યક્ત થતાં સમુદાય માટે તો મહાભારતની દ્રૌપદી કહે છે તેમ "આંધળાના આંધળા" કહેવાનું રહે. આમ છતાં સમાજ જેને સામાન્ય કહે છે તેવાં સ્ત્રી પુરુષોની વાત, લખાણ કે અભિવ્યક્તિમાં, તેઓના સ્વપ્નમાં, એકાગ્રતાની આલ્ફા અવસ્થામાં, અનાયાસે જ પણ આવનાર સમયનું આછું પાતળું સત્ય દર્શન અભિવ્યક્ત થયાનાં અનેક ઉદાહરણો ઘર-ઘરમાં મોજૂદ છે.

આદિ શંકરાચાર્ય આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં જેને એકાત્મક ભાવ તરીકે દર્શાવે છે તેવી મનોસ્થિતિમાં વ્યક્તિ કોઈ એક ભાવમાં સ્થિર થતાં તેનું અસ્તિત્વ (અહંકાર) ખોઈ બેસે છે અને તેનું મન ચેતનાના અનુસરણમાં ધકેલાય છે. ભારતીય દર્શનમાં એકાત્મક ભાવની સ્થિતિને પાશ્ચાત્ય વિજ્ઞાન ફ્લો સ્ટેઈટની સ્થિતિ તરીકે જાણે છે. એકાગ્રતાની પરાકાષ્ઠા એ ગાયકો, ચિત્રકારો , નૃત્યકારો, કારીગરો ભૂખ - તરસ અને ઊંઘની જૈવિક સંવેદનાથી ઉપર ઊઠી જાય છે. આનંદથી સ્વીકારેલ એકાગ્રતાની ચરમસીમાને મનોવિજ્ઞાનની સ્વિટન કોટલર "હાર્પર વેવ" કહે છે. પ્રાણાયામ થકી મસ્તિષ્કને અધિક ઓક્સિજન આપવા સાથે પ્રચુર એકાગ્રતા( ધ્યાન)ની સ્થિતિમાં ભારતના ઋષિમુનિઓએ સમગ્રતા સાથે સચોટ અનુબંધ કેળવ્યાનાં ઉદાહરણો વેદ- ઉપનિષદો અને પુરાણોમાં ભરપૂર નોંધાયાં છે.

"ઉપનિષદ સમયકાળને બ્રહ્મનું સ્વરૂપ માને છે. જે ભૂત, વર્તમાન અને ભવિષ્યને એક તારે જોડી રાખે છે." મૈત્રીણી ઉપનિષદ મુજબ "સમય સનાતન સત્યનો જ એક ભાગ છે. ઉપનિષદનું દર્શન કહે છે પરમ સત્ય ત્રણે કાળથી પર છે. આમ છતાં વર્તમાન શાશ્વત અસ્તિત્વ હોતા તેમાં જ ભવિષ્ય સમાયેલ છે". ડાર્ક મેટર સાથે જોડાયેલ કવોન્ટમ થિયરી પણ આ જ વાત કહી રહ્યું છે. ભારતીય દર્શનમાં સમય રેખીય (લાઈનર) નહીં પણ ચક્રિય (સાયકલિક) છે. મૈત્રીણી ઉપનિષદ સ્પષ્ટ કહે છે કે ભૌતિક અધઃપતન ભવિષ્યમાં આવનાર પરિવર્તનનો જ આડકતરો અંશ છે.

પતંજલિ જેને મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય શરીર તરીકે જણાવે છે તે અવસ્થાને સક્રિય કરવા માટે અનિવાર્ય ચિત્તની એકાગ્રતામાંથી સહજ ભાવે અભિવ્યક્ત થતી આર્ષ વાણી ભવિષ્ય બની રહે છે. અગમચેતી બની રહી છે. લેખકો ,વક્તાઓ સંગીતજ્ઞ કલાકારોની એકરસ અભિવ્યક્તિમાં પ્રગટ થતું ચમત્કારી તત્ત્વ ખરેખર તો વિજ્ઞાન છે. ભવિષ્ય વર્તમાન બનીને સહજ ભાવે વહેતું થાય છે ત્યારે દરિયો નદીમાં સમાયાનો આધાર મળે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## શા માટે?

જો માતા-પિતા IAS અધિકારી હોય તો તેમનાં બાળકોને અનામત શા માટે? સુપ્રીમ તા. 23/મે શનિવારના 'ગુજરાતમિત્ર'ના પ્રથમ પાને સમાચાર વાંચતાં જ મનમાં પ્રશ્ન જાગૃત થયો કે આપણા દેશમાં પેલા કરોડપતિ પૂર્વ સાંસદોને પેન્શન શા માટે?બીજા લાભો પણ શા માટે ? મેડીકલ સુવિધાઓ પણ તદ્દન મફત શા માટે? પોતાના પૂર્વ સાંસદના ઓળખપત્ર પર રેલવેમાં ફર્સ્ટ કલાસ A/C માં પ્રવાસ શા માટે? વળી કોઈ ધારાસભ્ય હોય ત્યાર બાદ સાંસદ બને એવા પૂર્વ સાંસદને ધારાસભ્ય અને સંસદસભ્યનું બેવડું પેન્શન શા માટે?

દેશના ભલા માટે એવું નથી લાગતું કે આ વ્યવસ્થામાં બદલાવ લાવવો ખૂબ જ જરૂરી છે પણ બદલાવ લાવે કોણ? કારણ શું તો કે શાસક પક્ષ કે શું વિપક્ષ બધા જ કમ સે કમ આ એક બાબતમાં એકમત છે જ. આમાં કોઈ પણ પ્રકારનો વિરોધ થતો નથી. બધા જ એકજૂથ છે. આપણા લોકશાહી દેશની સુપ્રીમ કોર્ટના કાયદાકીય રીતે નિષ્ણાત એવા ન્યાયધીશોને માટે આ બાબતમાં પણ વિચારવા માટેનો અત્યારે યોગ્ય સમય છે જ તો.. લોહા ગરમ હે માર દો.

**સુરત -કીકુભાઈ જી. પટેલ**

## જવાબદારી સરખી પણ પગાર મોટો

દેશની ખાનગી બેંકો અને સરકારી બેંકોના CEO વચ્ચેનો પગાર તફાવત જોશો તો આશ્ચર્ય ન થાય તો જ નવાઈ.ચાલો, સૌથી પહેલાં દેશની ટોચની ખાનગી બેંકોની કમાણી વિશે વાત કરીએ. તમને જાણીને નવાઈ લાગશે કે Kotak Mahindra બેંકના CEO દેશમાં સૌથી વધુ કમાતા બેંક CEO છે, જેમનું વાર્ષિક પેકેજ લગભગ 13 કરોડ રૂપિયા છે! આ ઉપરાંત, HDFC બેંકના CEO ને દર વર્ષે 12 કરોડ રૂપિયા મળે છે. Axis બેંકના અને ICICI બેંકના CEO ને પણ 9 કરોડ રૂપિયા ચૂકવવામાં આવે છે. હવે બીજી તરફ જરા આપણી સરકારી બેંકોનાં પગારધોરણ પર નજર કરીએ. દેશની સૌથી વિશાળ અને મોટી બેંક SBI ના ચેરમેનનો વાર્ષિક પગાર ખાનગી બેંકોની સરખામણીમાં સાવ જ નજીવો છે. Bank of Baroda ના CEO ને 74 લાખ, જ્યારે Bank of Maharashtra ના CEO ને વર્ષના માત્ર 37 લાખ રૂપિયા જ મળે છે. સૌથી આઘાતજનક અને વિચારવા જેવી વાત તો એ છે કે જો આપણે દેશની ટોપ 10 સરકારી બેંકોના તમામ CEO નો આખો પગાર એકસાથે ભેગો કરીએ, તો પણ તે 5 કરોડ રૂપિયાથી ઉપર થતો નથી! એટલે કે HDFC બેંકના CEO એકલા જ આ 10 સરકારી બેંકોના CEO ના કુલ પગાર કરતાં પણ ઘણું વધારે કમાય છે. સરકારી બેંકોમાં પગાર સીધો સરકાર દ્વારા નક્કી થાય છે, જેમાં કોઈ શેર કે મોટા બોનસ હોતા નથી. જ્યારે કામ અને જવાબદારી એકસરખી જ હોય, ત્યારે શું પગારમાં આટલો મોટો ભેદભાવ હોવો યોગ્ય છે?

**સુરત -સુરેન્દ્ર દલાલ**

## ચીકુના પાકનું નિકંદન અટકાવવા બાગાયતી કલસ્ટર એક ઉપાય

તા. 7 મેના 'ગુજરાતમિત્ર'ની ઈકોનોમિકસ કોલમમાં ડો. જયનારાયણ વ્યાસે દક્ષિણ ગુજરાતના બાગાયતી પાક ચીકુ અને કેરીનું નિકંદન નીકળી રહ્યું છે એવી ચિંતા વ્યકત કરી છે. એ માટે આપણે એમને અભિનંદન આપીએ છીએ. સાથે જ એક ખેડૂત તરીકે એમના આભારી છીએ. એમણે જણાવેલ ડેટા પ્રમાણે ચીકુના પાકનું વાવેતર અથવા તો એરિયા સને 2015-16માં 29592 હેકટર હતું એ આજે ઘટીને 24.622 હેકટર થઈ ગયું છે. એ જ રીતે 2015-16માં ચીકનું ઉત્પાદન 3.25 લાખ ટન હતું તે અત્યારે ઘટીને 2.40 લાખ ટન થઈ ગયું છે. સરકારી તંત્ર અને બાગાયતી વિભાગે દક્ષિણ ગુજરાતમાં ચીકુ અને કેરી માટે એક બાગાયતી કલસ્ટરનું નિર્માણ કરવું જોઈએ. જેમાં બધી જ પ્રવૃત્તિઓ કેન્દ્રસ્થાને આયોજિત હોય. એના માટેની વિભાવનાઓ આ પ્રમાણે હોઈ શકે. જે તે પાકના વિસ્તારનો ભૌગોલિક સમન્વય, પાકના ખેતીનું એ પ્રવૃત્તિનું સપ્લાય ચેઈન સાથેનું જોડાણ, જરૂરી માળખાગત સુવિધાનું આયોજન, પાયાની ખેતીવિષયક પ્રવૃત્તિની માહિતી અને જ્ઞાન (ફળ સંશોધન સંસ્થા અને યુનિવર્સિટીઓ), સરકારી પ્રોત્સાહન અને સબસિડી. ટૂંકમાં હાલમાં આપણા દેશમાં ખેતીને ટકાવવા, વ્યાવસાયિક બનાવવા તથા પ્રોત્સાહિત કરવા એગ્રીકલ્ચર કલસ્ટર ઉપયોગી અને આવશ્યક મોડલ નીવડી શકે છે.

**નવસારી - અજય ટી. નાયક**

## દેશનો વિકાસ

દેશમાં જે રીતે વિકાસની બોલબાલા વધેલ છે તેના કારણે જાતિવાદો/સંપ્રદાયવાદીઓની બોલબાલા ઘટતી જાય છે, જેના મૂળ એક કારણમાં દેશના નિર્ણાયક વડા પ્રધાન નરેન્દ્ર મોદીની દેશના વિકાસ અને વિરાસત માટે સતત કાર્યરત કેન્દ્ર સરકાર ગણી શકાય જે માટે કેન્દ્ર સરકાર અભિનંદનને પાત્ર છે.

દેશના નીચેના વિકાસ નોંધપાત્ર ગણી શકાય

(1) દેશનો સૌથી લાંબો ગ્રીન ફિલ્ડ એક્સપ્રેસ મેરઠથી પ્રયાગરાજનો 594 કિ.મી.નો બનેલ છે, જેનાથી ભૂતકાળના 11 કલાકની મુસાફરી હવે માત્ર 6 કલાકની બનેલ છે.

(2) દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જણાવ્યાનુસાર દેશમાં વર્ષ 2047 સુધીમાં 4000થી વધારે એરપોર્ટ હશે. વર્ષ 2014માં દેશમાં 70 એરપોર્ટ હતાં, જેનો આજનો આંકડો 160 એરપોર્ટનો થાય છે.

(3) કેન્દ્ર સરકારે દેશનાં નાગરિકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ઈમરજન્સી એલર્ટ સિસ્ટમ તૈયાર કરેલ છે, જે દેશનાં નાગરિકોને દુશ્મની આફતોના સમયે અને ઈમરજન્સીની સ્થિતિમાં ઉપકારક બનનાર છે. આ સિસ્ટમથી દેશનાં સર્વે નાગરિકોના મોબાઈલ રીંગ વાગશે.

(4) અમદાવાદના અખબારનગરમાં 18 માળનું મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબ બનનાર છે. જ્યાંથી AMTS, BRTS, GSRTC અને મેટ્રોની એમ ચારેયની કનેકટીવી મળનાર છે.

(5) દેશમાં એક જ પાસવર્ડવાળો અને દેશના ચાર લાખ ટોટ સ્પોટવાળી પબ્લીક વાઈફાઈની વ્યવસ્થા થનાર છે. આ વાઈફાઈમાં વધુ સ્પીડવાળી વાઈફાઈનો વિકલ્પ અપાશે.

**અમદાવાદ - પ્રવીણ રાઠોડ**

## પરમવીર ચક્રમાં વિદેશી મહિલાની ડિઝાઈન

આપણા પ્રજાસત્તાક દિવસે આપણું વિશ્વનું બીજા નંબરનું સૌથી મોટું લશ્કર લગભગ 14 લાખ સૈનિકો 26મી જાન્યુઆરીએ દેશભરનાં રાજ્યોના વિકાસની ઝાંખી સમા ટેબ્લોની પરેડ થાય છે. વિશેષ ગૌરવની બાબત એ સૈનિકોને વીરતાના સર્વોચ્ચ ઈનામ રૂપે પરમવીર ચક્રની જાહેરાત છે. 1948માં વડા પ્રધાન જવાહરલાલ નેહરુએ ત્રણ નવા શૌર્યચક્ર આપવાનું વિચાર્યું. પરમવીર ચક્ર, મહાવીર ચક્ર, વીર ચક્ર એ જવાબદારી દેશના પહેલા એડયુટન્ટ સહાય કે જનરલ મેજર હીરાલાલ અટલને તેમણે પરમવીર ચક્રના મેડલની ડિઝાઈન બનાવવા માટે પસંદ કર્યા. શીખ રેજિમેન્ટના કેપ્ટન વિક્રમ આનોલકરની પત્ની સાવિત્રીજીને જે હંગેરિન પિતા અને રશિયન માતાનાં દીકરી સ્વિટઝરલેન્ડમાં જન્મેલા ઈવા પોન્નને લિંડા જે ભારત અને ભારતીયો વિશે ખૂબ પ્રેમ અને પછી લગ્ન કેપ્ટન વિક્રમ ખાનોલકર સાથે માત્ર નામ જ ન બદલ્યું ભારત દેશને એના સંસ્કાર સંસ્કૃતિને દિલથી અપનાવી લીધાં. સંસ્કૃત નાટકવેદ અને ઉપનિષદ ભણ્યા જાણ્યા. ભારતીય શાસ્ત્રીય સંગીત નૃત્યમાં નિપુણતા મેળવી સ્વામી રામકૃષ્ણ મિશનમાં જોડાયાં. સત્સંગમાં પ્રવચનો આપ્યાં. વળી સંસ્કૃત ડિકશનરી ઓફ નેઈમ્સને સેન્ટસ ઓફ મહારાષ્ટ્ર જેવાં પુસ્તકો લખી લોકપ્રિયતા સન્માન હાંસલ કર્યાં. ભારતીય સંસ્કૃતિ પરંપરા રહેણીકરણી સંસ્કારને જાણનારા સમજનારા અપનાવનારા પચાવનારા એ વિદૂષીએ દેશના સર્વોચ્ચ લશ્કરી ચક્રની ડિઝાઈન બનાવી હતી.

એમણે પરમવીર ચક્ર ઉપરાંત અશોકચક્ર, મહાવીર ચક્ર, વીર ચક્ર અને શૌર્યચ્કરની ડિઝાઈન કરી હતી. 1942માં મેજર વિક્રમ ખાનોલકરના સ્વર્ગવાસ બાદ સાવિત્રીજી આધ્યાત્મિકતા ભણી ઢળી ગયાં. 1990ની 26મી આ સવાયા ભારતીય નારી રત્ને દેહ ત્યાગી દીધો. આપણે બ્રાન્ડ, રીલ્સ ફિલ્મ સ્ટાર્સ, ક્રિકેટર્સ અને ઈન્ફલુએન્સર્સની પાછળ ગાંડા ઘેલા કરીએ. બોલીવુડ ફિલ્મ બનાવે ત્યારે નટબંકા વિશે આપણા અજ્ઞાનનો અંધકાર થોડો ઘણો ઓછો થાય સેલ્યુટ સૌ નટબંકાને જયહિંદ.

**ગંગાધરા - જમિયતરામ હ. શર્મા**